ફોન ફેક્સ નંબર-0288-2555853 Toll Free ( Gujarat )1800 233 7324

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

Accredited Grade "A" by NAAC (CGPA 3.28)

## પરીક્ષા શાખા

ચાણક્ય ભવન, હોસ્પિટલ રોડ, જામનગર-361 008

Email- drexam@ayurveduniversity.com Web :www.ayurveduniversity.edu.in

નં. ૪/પરીક્ષા/૨૦-૨૧/કં.બોર્ડ/ ૧૦૧ રજી/એ.ડી/ By Email તા.૨૬-૦૬-૨૦૨૦

## -: પ રિ પ ત્ર :-

એકઝામિનેશન કંટ્રોલ બોર્ડની ખાસ સભા તા.૨૫-૦૬-૨૦૨૦ના રોજ નિયામકશ્રી, આયુષ, આયુષ વિભાગની કચેરી, ગાંધીનગર ખાતે મળેલ જુદા જુદા વિદ્યાર્થીઓની પરીક્ષા સમયસર લેવા અંગેની રજુઆતને ધ્યાને લઈ આ સભામાં થયેલ નિર્ણય અન્વયે તા.૦૭-૦૭-૨૦૨૦થી મુલત્વી રખાયેલ બી.એ.એમ.એસ. તથા યોગ કોર્ષ ( B.N.Y.S., P.G.D.Y.N., D.NET )ની લેખિત પરીક્ષાઓ તા.૧૬-૦૭-૨૦૨૦થી તેમજ બી. એ. એમ. એસ.ની પ્રેકટીકલ પરીક્ષાઓ તા.૨૮-૦૭-૨૦૨૦ થી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે., જેની સર્વે સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

વધુમાં જણાવવાનું કે, કોવીડ-૧૯ તથા કંન્ટેન્મેન્ટ ઝોનમાં રહેતા વિદ્યાર્થીઓ આવી પરિસ્થિતીના કારણે જુલાઈ-૨૦૨૦ની પરીક્ષા આપવા માંગતા ન હોય તો વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈ એકઝામિનેશન કંટ્રોલ બોર્ડ દ્વારા થયેલ નિર્ણય મુજબ આવા વિદ્યાર્થીઓ નવેમ્બર/ડીસેમ્બર-૨૦૨૦માં યોજાનાર પરીક્ષા આપી શકશે, અને આવા વિદ્યાર્થીઓનો પરીક્ષા અંગેનો પ્રયત્ન ( Attempt ) ગણવામાં આવશે નહી, પરંતુ જો કોઈ ફ્રેશ વિદ્યાર્થી પરીક્ષા આપવા માંગતા ન હોય તો તેમની આગલા વર્ષની ટર્મ ગ્રાન્ટ કરવાની રહેશે નહી.

**ઉપરોક્ત પરિસ્થિતીના કારણે જો કોઈ વિદ્યાર્થી જુલાઈ-૨૦૨૦ની પરીક્ષા ન આપે તો પણ CCIMના MSR-2016 મુજબ જે તે પ્રોફેશનલ વર્ષ (૩) વર્ષમાં પુર્ણ કરવાની તેમજ સમગ્ર અભ્યાસક્રમ ૯ (નવ) વર્ષમાં પુર્ણ કરવાની શરતો નિયમોનુસાર યથાવત રહેશે, જેની સર્વે વિદ્યાર્થીઓને અચૂક જાણ કરવા વિનંતી. તેમજ અત્રેના વિભાગના પરીપત્ર નં.૪/પરીક્ષા/ ૫૧ તા.૦૫-૦૬-૨૦૨૦ માં દર્શાવેલ વ્યવસ્થાઓ પરીક્ષા કેન્દ્રો ઉપર અચૂક કરવાની રહેશે.**

( ડો. એ. કે. જાડેજા )
નાયબ કુલસચિવ

પ્રતિ,
યુનિ. સંલગ્ન સર્વે આયુર્વેદ કોલેજના આચાર્યશ્રીઓ તરફ........ ( ૨ નકલમાં )
ઉપરોક્ત બાબતોની વિદ્યાર્થીઓને જાણકારી મળી રહે તે હેતુ નોટિશ બોર્ડ પર મૂકવાની વિનંતી સહ.

નકલ રવાના:-

(૧) સિન્ડિકેટના સર્વે સદસ્યશ્રીઓ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર. ( By Email )
(૨) પી. એસ. ટુ વી. સી., ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર.
(૩) પી. એ. ટુ રજીસ્ટ્રાર., ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર.
(૪) નિયામકશ્રી- બોર્ડ ઓફ સ્પોર્ટસ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર.
(૫) માહિતી વિભાગ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર.
(૬) પી.પી.એસ.(આઈ.ટી) વી.સી., યુનિવર્સિટી વેબસાઈટ પર Upload કરવાની વિનંતી સાથે.
(૭) એસ.એફ.આઈ. (પરીક્ષા).